**Syndicate Minutes**
**Dt.22-12-2021**

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**
**તા.૨૨–૧૨–૨૦૨૧**

સિન્ડિકેટની તાકીદની સભા બુધવાર તા.૨૨–૧૨–૨૦૨૧ના રોજ સાંજે:૦૪–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં.૨૦૫માં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૨૨–૧૨–૨૦૨૧ |
|---|---|---|
| ૧. | ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ----- |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ----- |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ----- |
| ૬. | ડૉ.જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરી | ઓનલાઈન હાજર |
| ૭. | ડૉ.નીતિન મગનલાલ પટેલ | ઓનલાઈન હાજર |
| ૮. | માલી નિમેષ જયસુખલાલ | ગેરહાજર |
| ૯. | ડૉ.કે. સી. પોરીયા | હાજર |
| ૧૦. | ડૉ.ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૧. | અલગોતર કનુભાઈ મોતીભાઈ | હાજર |
| ૧૨. | શ્રી નિશાંત મોદી | ઓનલાઈન હાજર |
| ૧૩. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ એન્ડ નોટરી પબ્લિક) | ગેરહાજર |
| ૧૪. | મહિડા વિરેન કિશોરસિંહ | હાજર |
| ૧૫. | ડૉ.જોશી સ્નેહલ કિરણભાઈ | ઓનલાઈન હાજર |
| ૧૬. | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | ઓનલાઈન હાજર |
| ૧૭. | શ્રી સંજયભાઈ લાપસીવાલા | ઓનલાઈન હાજર |
| ૧૮. | શ્રી વિમલભાઈ શાહ | ઓનલાઈન હાજર |
| ૧૯. | શ્રી હસમુખભાઈ પ્રેમજીભાઈ પટેલ | હાજર |
| ૨૦. | ડૉ.પારૂલબેન કિશોરકાંત વડગામા | હાજર |

૧. અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, એસ.એસ. અગ્રવાલ કોલેજ કેમ્પસ, વીરાંજલી માર્ગ, દેવીના પાર્ક સોસાયટી નજીક, ગણદેવી રોડ, નવસારી સંચાલિત એસ.એસ. અગ્રવાલ કોલેજ ઓફ નર્સિંગ ટ્રેનિંગ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, એસ.એસ. અગ્રવાલ કોલેજ કેમ્પસ, વીરાંજલી માર્ગ, દેવીના પાર્ક સોસાયટી નજીક, ગણદેવી રોડ, નવસારી–૩૯૬૪૪૫ની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ પોસ્ટ બેઝિક બી.એસસી.(નર્સિંગ)નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૦) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએનિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૪–૦૯–૨૦૨૧ની ભલામણ ક્રમાંકઃ(૦૫) થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી સિન્ડિકેટની તા.૨૯–૯–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૫૬) અન્વયે, નિમેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**(નોંધ :** (૧) સદર કોલેજે તેમના તા.૧૭–૧૨–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ SSA(N)/NVS/ 570/ 2021થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે એડમીશનની છેલ્લી તારીખ ૩૧–૧૨ –૨૦૨૧ હોઈ, પોસ્ટ બેઝિક બી.એસસી(નર્સિંગ) **(૪૦ બેઠકો) માં પ્રવેશ** ફાળવવા માટે વિનંતી કરેલ છે. પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(૨) શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ ઉગજ/૨૬૧૪/૮૪/ખ.૧ થી સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મેળવ્યા બાદ જ નવી કોલેજમાં પ્રવેશ આપવા માટે જણાવેલ છે.

(૩) શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ યજન/૧૦૨૦૦૩/૨૮૦/ખ.૧ થી જણાવેલ છે કે સૈધ્ધાંતિક પૂર્વમંજૂરીના કિસ્સામાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ યજન–૧૦૨૦૦૧–(૨૮)–ખ–૧ની માર્ગદશક સુચનાઓનું ચુસ્ત પાલન કરી સૈ.પૂર્વમંજૂરી મળ્યા બાદ જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેની કાળજી રાખવા દરેક યુનિવર્સિટીને તાકીદે સૂચના આપવામાં આવેલ છે.)

(૪) ચકાસણી સમિતિના અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(જોડાણ/માન્યતા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, એસ.એસ. અગ્રવાલ કોલેજ કેમ્પસ, વીરાંજલી માર્ગ, દેવીના પાર્ક સોસાયટી નજીક, ગણદેવી રોડ, નવસારી સંચાલિત એસ.એસ. અગ્રવાલ કોલેજ ઓફ નર્સિંગ ટ્રેનિંગ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, એસ.એસ. અગ્રવાલ કોલેજ કેમ્પસ, વીરાંજલી માર્ગ, દેવીના પાર્ક સોસાયટી નજીક, ગણદેવી રોડ, નવસારી–૩૯૬૪૪૫ની ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ પોસ્ટ બેઝિક બી.એસસી.(નર્સિંગ)નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૦) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૪–૦૯–૨૦૨૧ની ભલામણ ક્રમાંકઃ(૦૫) થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી સિન્ડિકેટની તા.૨૯–૯–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : (૫૬) અન્વયે, નિમેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે સ્વનિર્ભર અભ્યાસક્રમ પોસ્ટ બેઝિક બી.એસસી.(નર્સિંગ)નું નવું જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સંસ્થાએ પ્રવેશ માટે પ્રવેશ સમિતિ અને ફી રેગ્યુલેટરી કમિટિને માહિતી મોકલવાની આખર તારીખ ૩૧ડીસેમ્બર ૨૦૨૧ છે તેમ જણાવેલ છે. સદર સંજોગોને ધ્યાને લઈ સંસ્થાની ઉપરોકત વિનંતી ગ્રાહ્ય રાખી જે નર્સિંગ/ફીઝીયોથેરાપી કોલેજોએ રાજય સરકારશ્રીનું એસેન્સીયાલીટી સર્ટીફિકેટ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલની મંજૂરી મેળવેલ હોય તેવી કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના નવા/ચાલુ જોડાણ માટે સ્થાનિક તપાસ સમિતિ/ચકાસણી સમિતિના હકારાત્મક અહેવાલ સંદર્ભે રાજય સરકારશ્રીને ભલામણ કરવા અને સદર કોલેજો દ્વારા યુનિવર્સિટીને નિયત બાહેંધરીપત્ર રજૂ કર્યેથી પ્રવેશ કાર્યવાહી માટે પ્રવેશ સમિતિને ભલામણ કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેની મોજે. ભરથાણા–વેસુમાં સમાવિષ્ટ બ્લોક નંબર ૧૬૫,૧૬૬,૧૬૭,૧૬૯,૧૭૧ તથા ૧૭૬ પૈકીની મંજુર પુનરાવર્તિત વિકાસ નકશા–૨૦૦૪ મુજબ ૬૦.૦૦ મીટર પહોળાઈના ડી.પી.રસ્તાની અસર હેઠળની યુનિવર્સિટીની માલિકીની અંદાજે ૨૯૩૦ ચો. મીટર જમીન સુરત મહાનગર પાલિકા દ્વારા સંપાદીત કરેલ જમીનના વળતર ચૂકવવા અંગેના તા.: ૦૧–૧૨–૨૦૨૧ના રોજના ટાઉન પ્લાનીગ વિભાગ, સુરત મહાનગર પાલિકાની કચેરીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણ : સુરત મહાનગર પાલિકાનો પત્ર)

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેની મોજે. ભરથાણા–વેસુમાં સમાવિષ્ટ બ્લોક નંબર ૧૬૫,૧૬૬,૧૬૭,૧૬૯,૧૭૧ તથા ૧૭૬ પૈકીની મંજુર પુનરાવર્તિત વિકાસ નકશા–૨૦૦૪ મુજબ ૬૦.૦૦ મીટર પહોળાઈના ડી.પી.રસ્તાની અસર હેઠળની યુનિવર્સિટીની માલિકીની અંદાજે ૨૯૩૦ ચો. મીટર જમીન સુરત મહાનગર પાલિકા દ્વારા સંપાદીત કરેલ જમીનના વળતર ચૂકવવા અંગેના તા.: ૦૧–૧૨–૨૦૨૧ના રોજના ટાઉન પ્લાનીગ વિભાગ, સુરત મહાનગર પાલિકાની કચેરીના પત્ર **સંદર્ભે સુરત મહાનગર પાલિકા સાથે ચર્ચા વિચારણા કરવા નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિ પર નિયુકિત કરવી.**

**(૧) શ્રી સંજયભાઈ લાપસીવાલા (૨) ડૉ.કશ્યપસિંહ ખરચીયા**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી મોરારજી દેસાઈ જન્મશતાબ્દી સેવા પ્રતિષ્ઠાન, મોજે પોંસરા, નવસારી સ્થિત જમીન અંગે નિયુકત સમિતિ પર શ્રી સંજયભાઈ લાપસીવાલાની નિયુકિત કરવી.**

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, ભરૂચ** સંચાલિત **વેલ્કેર ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ એન્ડ મિડવાઈફી, ભરૂચ**ની **M.Sc.-Nursing** સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (Local Inquiry Committee) દ્વારા તા.૨૯–૦૯–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **M.Sc.-Nursing** અનુસ્નાતક અભ્યાસક્રમનું **નવુ જોડાણ** મંજૂર કરવા કરેલ ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૮–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૨૮) અન્વયે સ્વીકારી સિન્ડિકેટને કરેલ ભલામણ અંગે સિન્ડિકેટની તા.૦૨–૧૧–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૫૩) અન્વયે સદર કોલેજની જોડાણ અરજી નામંજૂર કરેલ હતી. સદરહું બાબતે કોલેજના ઈ.ચા.આચાર્યશ્રીએ તા.૧૧–૧૨–૨૦૨૧ના પત્ર ક્રમાંક:WINM/468/DEC/2021થી તેમની કોલેજને **M.Sc.-Nursing** સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે Health & Family Welfare Department, Sachivalaya, Gandhinagar દ્વારા કુલ–૨૫ બેઠકો માટેનું **Essentiality Certificate** ઈસ્યુ કરવામાં આવેલ હોય, તથા **Gujarat Nursing Council** દ્વારા તા.૨૬–૧૧– ૨૦૨૧ના પત્ર ક્રમાંક : **INST/17978** થી વિવિધ સ્પેશ્યલાઈઝશન મુજબની કુલ–૨૫ બેઠકો માટે મંજૂરી આપવામાં આવેલ હોય, તે ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન **M.Sc.-Nursing** સ્વનિર્ભર અભ્યાસક્રમનું **નવું જોડાણ આપવા કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.**

NEED **કમિટિની તા.૨૪–૦૫–૨૦૨૧ના રોજની ભલામણ**

હાલની પ્રવર્તમાન કોરોના મહામારીમાં તબીબી વિદ્યાશાખાના નર્સિંગ અને ફિઝિયોથેરાપી અભ્યાસક્રમના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની જરૂરિયાત અંતર્ગત સમિતિ ઉપરોકત સંસ્થાને નર્સિંગ કાઉન્સિલના નિયમો તેમજ રાજય સરકારશ્રી અને નર્સિંગ કાઉન્સિલની મંજૂરીને આધીન ભલામણ કરે છે.

**LIC ની શરતો :–**

(૧) રાજય સરકાર શ્રી ધ્વારા એસેન્સ્યલીટી સર્ટિફિકેટ, સંસ્થાએ આઈ.એન.સી., જી.એન.સી.ના પરમિશન લેટર મેળવી, યુનિવર્સિટીની માન્યતા મેળવવા માટે રજુ કરવા.

(૨) સંસ્થાએ એડહોક ધોરણે નિમણૂંક કરેલ શૈક્ષણિક સ્ટાફની નિયમિત રીતે યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત કરવા કાર્યવાહી કરવી.

(૩) સંસ્થાએ આઈ.એન.સી., જી.એન.સી., ના વખતો વખતના ધારા ધોરણોનું ચુસ્ત પણે પાલન કરવું.

(૪) યુનિવર્સિટીના ઓર્ડિનનસ ૬૯ (એ) અને ૬૯ (બી) નું ચુસ્ત પણે પાલન કરવું.

**LIC ની ભલામણ**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડીગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે નવું જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**સમય ગાળો : ૨૦૨૧–૨૨**

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૮–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, ભરૂચ** સંચાલિત **વેલ્ફેર ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ એન્ડ મિડવાઈફી, ભરૂચ**ની **M.Sc.-Nursing** સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (<u>L</u>ocal <u>I</u>nquiry <u>C</u>ommittee) દ્વારા તા.૨૯–૦૯–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **M.Sc.-Nursing** અનુસ્નાતક અભ્યાસક્રમનું **<u>નવુ જોડાણ</u>** મંજૂર કરવા ભલામણ કરેલ છે, જે ભલામણનું પરિપાલન કરવાની શરતે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૧૦–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૨૮)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૮/૧૦/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>સિન્ડિકેટની તા.૦૨–૧૧–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૫૩)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, ભરૂચ સંચાલિત વેલ્ફેર ઈન્સિટીટયુટ ઓફ નર્સિંગ એન્ડ મિડવાઈફી, ભરૂચની **M.Sc.-Nursing** સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી નામંજૂર કરવી.

(જોડાણ/માન્યતા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, ભરૂચ સંચાલિત વેલ્ફેર ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ એન્ડ મિડવાઈફી, ભરૂચની M.Sc.-Nursing સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે તથા યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ અન્ય તમામ શરતોના પરિપાલન કરવાની શરતે M.Sc.-Nursing સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મંજૂર કરવું.**

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **શ્રી સ્વામિનારાયણ એજયુકેશન ટ્રસ્ટ,સુરત** સંચાલિત **વાઈબ્રન્ટ નર્સિંગ કોલેજ, સુરતની M.Sc.-Nursing** સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ(**L**ocal **I**nquiry **C**ommittee) દ્વારા તા.૨૮–૦૯–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **M.Sc.-Nursing** અનુસ્નાતક અભ્યાસક્રમનું **નવુ જોડાણ** મંજૂર કરવા કરેલ ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૦૮–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧) અન્વયે **GNC/INC** ની માન્યતા મળ્યેથી વેરીફીકેશન સમિતિની નિમણૂંક કરવા એકેડેમિકકાઉન્સિલને કરેલ ભલામણને એકેડેમિકકાઉન્સિલની તા.૧૨–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૩૧) અન્વયે સ્વીકારી સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટની તા.૧૪–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) અન્વયે સ્વીકારી સ્વીકારી **GNC/INC** ની માન્યતા મળ્યેથી વેરીફીકેશન સમિતિની નિમણૂંક કરવા કરેલ ઠરાવ અંતર્ગત માન.કુલપતિશ્રી નિયુકત વેરીફીકેશન સમિતિની તા.૨૦–૧૨–૨૦૨૧ના રોજ કોલેજ મુલાકાત બાદ નીચે મુજબના અવલોકનો અને ભલામણ સાથેનો રજુ કરેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

**વેરીફીકેશન સમિતિના અવલોકનો :–**

(૧) સંસ્થા ૨૦૧૦ થી કાર્યરત છે.

(૨) સંસ્થા **B.Sc.Nursing** અને **Post Basic B.Sc.Nursing** અભ્યાસક્રમો ચલાવે છે.

(૩) કુલ ૧૨ શૈક્ષણિક કર્મચારી અને ૧૨ વહીવટી કર્મચારીઓ છે.

(૪) સંસ્થાની જમીન ૫૦ વર્ષના રજીસ્ટ્ર્ડ લીઝ પર છે.

(૫) સંસ્થાનું પોતાનું સ્વતંત્ર મકાન છે.

(૬) સંસ્થા પાસે ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ છે.

(૭) સૂચિત અભ્યાસક્રમ માટે જરૂરી પૂરતી સુવિધા ઉપલબ્ધ છે.

(૮) જરૂરી શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટેની પ્રક્રિયા થનાર છે. યુનિવર્સિટી ધ્વારા પસંદગી સમિતિની નિમણૂંક થયેલ છે.

(૯) કર્મચારીઓને પગાર તેમના બેંક ખાતા મારફત ચૂકવવામાં આવે છે.

(૧૦) સ્ટાફરૂમ, કલાસરૂમ, લેડીઝ કોમન રૂમ, લાઈબ્રેરી, પીવાના પાણીની પુરતી સુવિધા ઉપલબ્ધ છે.

(૧૧) લાઈબ્રેરીમાં ૩૫૦૦ થી વધારે પુસ્તકો ઉપલબ્ધ છે.

(૧૨) રમત–ગમતનું મેદાન ઉપલબ્ધ છે.

**(૧૩) કાયમી આચાર્યની નિમણૂંક થયેલ છે.**

**(૧૪) જરૂરી શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક થયેલ છે.**

**(૧૫) લેબોરેટરીમાં M.Sc.Nursing માટે જરૂરી સાધનો વસાવેલ છે.**

**(૧૬) M.Sc.Nursing અભ્યાસક્રમને લગતા જરૂરી પુસ્તકો લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે.**

**(૧૭) સૂચિત અભ્યાસક્રમ માટે જરૂરી GNC ની માન્યતા મેળવેલ છે.**

**વેરીફીકેશન સમિતિની ભલામણ :–**

તા.૨૦–૧૨–૨૦૨૧ની રૂબરૂ તપાસમાં ચકાસણી કરતા **LIC** ની શરત નં.૧ થી ૫ નું યથાર્થ પાલન કરેલ છે. ઉપરોકત આજના અવલોકન નં. ૧૩ થી ૧૭ના આધારે નવા સ્વનિર્ભર અભ્યાસક્રમ **M.Sc.Nursing** ને શરૂ કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

નોંધ :– (૧) યુ.જી.સી. ના ૨૦૨૧ના રેગ્યુલેશનમાં જણાવેલ નીચે મુજબની જમીન અંગેની શરતની જોગવાઈ છે.

3.1.1. Undisputed ownership and possession of lad free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities.

(૨) યુનિવર્સિટી કાર્યાલયના ઉપલબ્ધ રેકોર્ડ મુજબ સદર કોલેજની જોડાણ અરજી સાથે મળેલ ૭/૧૨ ની નકલ (હે.આરે.ચોમી.–૦–૩૯–૦૬–૨૫)માં જમીન (૧) ર્ડા.દિપકભાઈ નંદલાલ રાજગુરૂ તથા પ્રીતીબેન દિપકભાઈ રાજગુરૂના નામમે છે. તેમણે શ્રી સ્વામીનારાયણ એજયુકેશન ટ્રસ્ટના અધિકૃત વ્યકિત દિનેશભાઈ બાલુભાઈ ગોંડલીયાને રેન્ટ એગ્રીમેન્ટ કરેલ છે. કુલ **જમીન ૨૨૨૫૮ ચો.મી.થાય છે**. (ગામનો નમૂનો ૮–અ (જમીનની ખાતાવહી મુજબ)

**<u>સિન્ડિકેટની તા.૧૪–૧૦–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૧૮)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **શ્રી સ્વામિનારાયણ એજયુકેશન ટ્રસ્ટ, સુરત** સંચાલિત **વાઈબ્રન્ટ નર્સિંગ કોલેજ, સુરત**ની **M.Sc.-Nursing** સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (<u>L</u>ocal <u>I</u>nquiry <u>C</u>ommittee) દ્વારા તા.૨૮–૦૯–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન **M.Sc.-Nursing** અનુસ્નાતક અભ્યાસક્રમનું **<u>નવુ જોડાણ</u>** મંજૂર કરવા કરેલ ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૦૮–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧) અન્વયે GNC/INC ની માન્યતા મળ્યેથી વેરીફીકેશન સમિતિની નિમણૂંક કરવા એકેડેમિકકાઉન્સિલને કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૩૧) અન્વયે સ્વીકારી સિન્ડિકેટને કરેલ ભલામણ સ્વીકારી GNC/INCની માન્યતા મળ્યેથી વેરીફીકેશન સમિતિની નિમણૂંક કરવી.

(જોડાણ/માન્યતા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન શ્રી સ્વામિનારાયણ એજયુકેશન ટ્રસ્ટ,સુરત સંચાલિત વાઈબ્રન્ટ નર્સિંગ કોલેજ, સુરતની M.Sc.-Nursing સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ(<u>L</u>ocal <u>I</u>nquiry <u>C</u>ommittee) દ્વારા તા.૨૮– ૦૯–૨૦૨૧ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન M.Sc.-Nursing અનુસ્નાતક અભ્યાસક્રમનું <u>નવુ જોડાણ</u> મંજૂર કરવા કરેલ ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૦૮–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧) અન્વયે GNC/INC ની માન્યતા મળ્યેથી વેરીફીકેશન સમિતિની નિમણૂંક કરવા એકેરેમિકકાઉન્સિલને કરેલ ભલામણને એકેરેમિકકાઉન્સિલની તા.૧૨–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૩૧) અન્વયે સ્વીકારી સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટની તા.૧૪–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) અન્વયે સ્વીકારી સ્વીકારી GNC/INC ની માન્યતા મળ્યેથી વેરીફીકેશન સમિતિની નિમણૂંક કરવા કરેલ ઠરાવ અંતર્ગત માન.કુલપતિશ્રી નિયુકત વેરીફીકેશન સમિતિની તા.૨૦–૧૨–૨૦૨૧ના રોજ કોલેજ મુલાકાત બાદ ઉપરોકત મુજબના અવલોકનો અને ભલામણ સાથેનો રજુ કરેલ અહેવાલનો સ્વીકાર કરી સ્થાનિક તપાસ સમિતિની બાકીની શરતો અને યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ અન્ય તમામ શરતોના પરિપાલન કરવાની શરતે નવું જોડાણ મંજૂર કરવું.**

૫. સિન્ડિકેટની તા.૨૨–૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) માં મુદા નંબર (૨) માં **" દંડ"** શબ્દની જગ્યાએ **"વધારાની પ્રોસેસિંગ ફી "** સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ : સિન્ડિકેટની તા.૨૨–૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ફી રાહતના સંદર્ભમાં સિન્ડિકેટના અગાઉના ઠરાવનો ચુસ્તપણે અમલ કરવા યુનિવર્સિટી કાર્યાલયે તાકીદે ઘટતી કાર્યવાહી કરવી અન્યથા આ સંદર્ભમાં યુનિવર્સિટીના આદેશોનું પાલન ન કરનાર સંસ્થાઓ સામે નીચે મુજબના પગલા લેવા.**

(૧) **આગામી વર્ષની રચાનાર ફી નિર્ધારણ સમિતિ (એફ.આર.સી.) દ્વારા નિર્ધારિત ફીનો લાભ લઈ શકશે નહીં.**

(૨) **જોડાણ ફી દંડ રૂપે બમણી ભરવાની રહેશે.**

(૩) **ભવિષ્યમાં વધારાના ડીવિઝન તેમજ નવા અભ્યાસક્રમની માંગણીનો સ્વીકાર કરવામાં નહીં આવે તથા હાલના ડીવિઝનની સંખ્યા અંગેના ઘટાડા અંગે વિચારણા કરવામાં આવશે.**)

**(જોડાણ/માન્યતા વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૨–૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) માં મુદ્દા નંબર (૨) માં " દંડ" શબ્દની જગ્યાએ "વધારાની પ્રોસેસિંગ ફી " સુધારો કરવો.**

૬. સ્વામીનારાયણ નર્સિંગ કોલેજ, શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ કેમ્પસ, સરદાર સરોવર, કેવડીયા કોલોની, તા.ગરૂડેશ્વર, જિઃ નર્મદાની શૈ.વર્ષ ૨૦૨૧–૨૨ માટેની **બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૨–૦૩–૨૦૨૧ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૯) અન્વયે માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૨–૧૦–૨૦૨૧ની ભલામણ ક્રમાંક : (૪૦) થી સિન્ડિકેટને કરેલ ભલામણને સિન્ડિકેટ તા.૨૩–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : (૨૧) અન્વયે ચકાસણી સમિતિની નિયુકિત કરેલ હોઈ, ચકાસણી સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(જોડાણ / માન્યતા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્વામીનારાયણ નર્સિંગ કોલેજ, શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ કેમ્પસ, સરદાર સરોવર, કેવડીયા કોલોની, તા.ગરૂડેશ્વર, જિઃ નર્મદાની શૈ.વર્ષ ૨૦૨૧–૨૨ માટેની બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૨–૦૩ –૨૦૨૧ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૯) અન્વયે માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૨–૧૦–૨૦૨૧ની ભલામણ ક્રમાંક : (૪૦) થી સિન્ડિકેટને કરેલ ભલામણને સિન્ડિકેટ તા.૨૩–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : (૨૧) અન્વયે ચકાસણી સમિતિની નિયુકિત કરેલ હોઈ, ચકાસણી સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલનો સ્વીકાર કરી સ્થાનિક તપાસ સમિતિની બાકીની શરતો અને યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ અન્ય તમામ શરતોના પરિપાલન કરવાની શરતે શૈ.વર્ષ ૨૦૨૧–૨૨ માટેની બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

૭. શેઠ દલીચંદ્ વીરચંદ્ શ્રોફ અશ્રકતાશ્રમ, અશ્રકતાશ્રમ કોમ્પ્લેક્ષ, રામપુરા, સુરત સંચાલિત ટી. એન્ડ ટી.વી. સ્કુલ ઓફ નર્સિંગ, અશ્રકતાશ્રમ, રામપુરા, સુરતની નીચે દર્શાવેલ વિગતે **બી.એસસી. (નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૨–૦૩–૨૦૨૧ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૯) અન્વયે માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક : (૬૪) થી સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી.(નર્સિંગ) (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨ (૧ વર્ષ) |

.

**<u>શરતો :</u>**

(૧) કાયમી ધોરણે પ્રિન્સીપાલની નિમણૂક કરવી.

(૨) Internal Complain Committee ની રચના કરવી.

(૩) ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ધારા ધોરણો અને નીતિ–નિયમોનું પાલન કરવું.

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક :(૬૪)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ દલીચંદ્ વીરચંદ્ શ્રોફ અશ્રકતાશ્રમ, અશ્રકતાશ્રમ કોમ્પ્લેક્ષ, રામપુરા, સુરત સંચાલિત ટી. એન્ડ ટી.વી. સ્કુલ ઓફ નર્સિંગ, અશ્રકતાશ્રમ, રામપુરા, સુરતની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ/માન્યતા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ દલીચંદ્ વીરચંદ્ શ્રોફ અશ્રકતાશ્રમ, અશ્રકતાશ્રમ કોમ્પ્લેક્ષ, રામપુરા, સુરત સંચાલિત ટી. એન્ડ ટી.વી. સ્કુલ ઓફ નર્સિંગ, અશ્રકતાશ્રમ, રામપુરા, સુરતની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.એસસી. (નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની સભાના તા.૨૨–૧૨–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : (૬૪) થી કરેલ ભલામણને સ્વીકારી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે બી.એસસી. (નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

૮. શ્રી નુતન કેળવણી મંડળ કોલેજ ઓફ નર્સિંગ, ડૉ. મોંઘાભાઈ વિદ્યા સંકુલ, શ્રી મોરારજીનગર, તીથલ રોડ, વલસાડની નીચે દર્શાવેલ વિગતે **બી.એસ.સી.નર્સિંગના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ વધારાનું જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૨–૦૩–૨૦૨૧ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૯) અન્વયે માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક : (૧૩) થી સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **વિષય / અભ્યાસક્રમ** | **જોડાણનો પ્રકાર** | **સમયગાળો** |
|---|---|---|---|
| **1.** | **બી.એસસી.નર્સિંગ (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | ચાલુ/ક્રમશઃ વધારાનું જોડાણ | તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨ (૧ વર્ષ) |

**<u>શરતો :</u>**

૧ સંસ્થામાં કાયમી ધોરણે આચાર્યની નિમણુંક કરવી.

૨ સંસ્થામાં કાયમી ધોરણે ૧ પ્રાફેસર, ૨-એસોસિયેટ પ્રાફેસર અને ૨-આસિસ્ટન્ટ પ્રોફેસરની બીજા સત્રની શરુઆત થાય તે પહેલાં નિમણુંક કરવી.

૩ લાયબ્રેરી માટે જરુરી પૂસ્તકો વસાવવા.

૪ લેબોરેટરી માટે જરુરી કેમિકલ તથા સાધનો વસાવવા.

૫ ફાયર સેફટી માટે સક્ષમ અધિકારીની NOC મેળવવી.

૬ યુનિવર્સિટીનાં ૬૯(A) ૬૯(B) ઓર્ડીનન્સનું ચુસ્તપણે પાલન કરવું.

૭ યુનિવર્સિટી તથા સરકારશ્રીનાં નિયમ મુજબ અધ્યાપકોને પગાર ચૂકવવો.

૮ INC અને GNC નાં વખતોવખતનાં નીતિનિયમોનું પાલન કરવું

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક :(૧૩)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી નુતન કેળવણી મંડળ કોલેજ ઓફ નર્સિંગ, ડૉ. મોંઘાભાઈ વિદ્યા સંકુલ, શ્રી મોરારજીનગર, તીથલ રોડ, વલસાડની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.એસ.સી.નર્સિંગના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ/માન્યતા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી નુતન કેળવણી મંડળ કોલેજ ઓફ નર્સિંગ, ડૉ. મોંઘાભાઈ વિદ્યા સંકુલ, શ્રી મોરારજી નગર, તીથલ રોડ, વલસાડની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.એસ.સી.નર્સિંગના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની સભાના તા.૨૨–૧૨–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : (૧૩) થી કરેલ ભલામણને સ્વીકારી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે બી.એસસી. નર્સિંગના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ વધારાનું જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

**Syndicate Minutes**
**Dt.22-12-2021**

૯. એસ. એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયુટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજયુકેશન, નવસારીની નીચે દર્શાવેલ વિગતે **બી.ફિઝિયોથેરાપીના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૨–૦૩–૨૦૨૧ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક: (૦૯) અન્વયે માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક : (૧૭ ) થી સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | **બી. ફિઝિયોથેરાપી (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | **ચાલુ જોડાણ** | તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨(૧ વર્ષ) |

**શરતો :**

૧ કાયમી આચાર્યની નિમણૂંક કરવી.

૨ તમામ વિષયમાં ખુટતા પૂર્ણ સમયના અધ્યાપકોની નિમણૂંક કરવી.
પૂર્ણ સમય ગ્રંથપાલની નિમણુંક કરવામાં આવે.

૩ તમામ કર્મચારીઓને પગાર તેમજ ભથ્થાની નિયમાનુસાર સમયસર ચુકવણી કરવી.

૪ વિષયને લગતા સંદર્ભગ્રંથો તથા પુસ્તકો ખરીદવા-મેગેઝીનના લવાજમ ભરવા.

૬ ફાયર સેફટી માટેના એનઓસી મેળવવાની કામગીરી પૂર્ણ કરવી.

૭ વિદ્યાર્થીઓ માટે અલગ કોમનરૂમની વ્યવસ્થા કરવી.

૮ એપેક્ષ બોડી/રાજય સરકાર/વી.ન.દ.ગુ.યુનિ.દ્વારા વખતોવખત નકકી કરવામાં આવતા નીતિ નિયમો, ધારાધોરણોનું પાલન કરવું

૯ ઓર્ડીનાન્સ ૬૯ એ તથા બી ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવું.

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક :(૧૭)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસ. એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયુટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજયુકેશન, નવસારીની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.ફિઝિયોથેરાપીના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ/માન્યતા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસ. એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયુટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજયુકેશન, નવસારીની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.ફિઝિયોથેરાપીના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની સભાના તા.૨૨–૧૨–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : (૧૭) થી કરેલ ભલામણને સ્વીકારી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે બી.ફિઝિયોથેરાપીના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

૧૦. એસ. એસ. અગ્રવાલ કોલેજ ઓફ નર્સિંગ ટ્રેનિંગ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીની નીચે દર્શાવેલ વિગતે **બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૨–૦૩–૨૦૨૧ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૯) અન્વયે માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક : (૨૨) થી સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **વિષય / અભ્યાસક્રમ** | **જોડાણનો પ્રકાર** | **સમયગાળો** |
|---|---|---|---|
| **1.** | બી. એસસી.(નર્સિંગ)<br>(સ્વનિર્ભર અભ્યાસક્રમ) | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૨૧ થી<br>તા.૧૪–૬–૨૦૨૨(૧ વર્ષ) |

**શરતો :**

૧ કાયમી ધોરણે આચાર્યની નિમણૂંક કરવામાં આવે.
૨ બે એસોસિએટ પ્રોફેસર તથા ચાર નર્સિંગ ટ્યુટરની નિમણુંક કરવામાં આવે.
૩ ગ્રંથપાલની નિમણુંક કરવામાં આવે.
૪ નર્સિંગને લગતા સંદર્ભ ગ્રંથો તથા પુસ્તકો વસાવવા તથા મેગેઝીન-જર્નલના લવાજમ ભરવામાં આવે.
૫ તમામ કર્મચારીઓને પગાર તેમજ ભથ્થાની નિયમાનુસાર સમયસર ચુકવણી કરવી.
૬ ફાયર સેફટી માટેના એનઓસી મેળવવાની કામગીરી પૂર્ણ કરવી.
૭ વિદ્યાર્થીઓ માટે અલગ કોમનરૂમની વ્યવસ્થા કરવી.
૮ આઈ.એન.સી-જી.એન.સી/રાજ્ય સરકાર/વી.ન.દ.ગુ.યુનિ. દ્વારા વખતોવખત નકકી કરવામાં આવતા નીતિ નિયમો, ધારાધોરણોનું પાલન કરવું
૯ ઓર્ડિનન્સ ૬૯ એ તથા બી ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવું.

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૧૨–૨૦૨૧ની ભલામણ ક્રમાંક :(૨૨)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસ. એસ. અગ્રવાલ કોલેજ ઓફ નર્સિંગ ટ્રેનિંગ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.એસસી. (નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ/માન્યતા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસ. એસ. અગ્રવાલ કોલેજ ઓફ નર્સિંગ ટ્રેનિંગ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીની ઉપરોકત દર્શાવેલ વિગતે બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની સભાના તા.૨૨–૧૨–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : (૨૨) થી કરેલ ભલામણને સ્વીકારી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **Sd/-**
ક્રમાંક : એસ/મીટીંગ/૨૦૦૨૨/૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**
તા.૨૨–૧૨–૨૦૨૧
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.........**